**(1) વર્લ્ડ બેંક વિવિધ દેશોને આવક સમૂહ મુજબ વહેંચે છે. આ આવક સમૂહો માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ વર્ગીકરણ દર 5 વર્ષે અપડેટ કરવામાં આવે છે.

(2) આ વર્ગીકરણ જે–તે દેશની GNI મુજબ કરવામાં આવે છે.

(3) ભારત નીચી–મધ્યમ આવક(લોઅર–મિડલ ઈનકમ)ના સમૂહમાં છે.

(4) આવકના આ પ્રકારના કુલ 4 સમૂહો હોય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વિશ્વ બેંક વિવિધ દેશોને તેમની આવક મુજબ વિવિધ આવક સમૂહોમાં વહેંચે છે. આવા કુલ 4 આવક સમૂહો છે.
- નીચી આવક (લોઅર ઈનકમ)
- નીચી મધ્યમ આવક (લોઅર–મિડલ ઈનકમ)
- ઉચ્ચ–મધ્યમ આવક (અપર–મિડલ ઈનકમ)
- ઉચ્ચ આવક (હાયર ઈનકમ)

(આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ વર્ગીકરણ દર વર્ષે 1 જુલાઈએ અપડેટ કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ વર્ગીકરણનો આધાર માથાદીઠ GNI (ગ્રોસ નેશનલ ઈનકમ) છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વર્લ્ડ બેંકના આ વર્ગીકરણમાં ભારતનો ક્રમ 145મો આવે છે તથા ભારત નીચી મધ્યમ આવકના સમૂહમાં વર્ગીકૃત છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ભારતની માથાદીઠ GNI 2130 ડોલર છે.

⇛ 2020 મુજબ ઉચ્ચ–મધ્યમ આવકના સમૂહમાં સમાવિષ્ટ થવા માટે માથાદીઠ GNI 4046 ડોલર હોવી જોઈએ.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) "Seizing the Moment" નામના રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ HIV/AIDSની પરિસ્થિીત દર્શાવે છે.
(2) આ રિપોર્ટ WHO દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(3) રિપોર્ટ મુજબ, કોરોના વાયરસના કારણે વિવિધ દેશો HIVની સારવાર માટેના વર્ષ 2020 લક્ષ્યને પૂરું કરી શકે તેમ નથી.
(4) ભારતમાં આસામ અને મેઘાલયમાં HIVના ચેપમાં વધારો થઈ રહયો છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ COVID-19 તથા HIV/AIDSની પરિસ્થિતિ 'Seizing the Moment' નામના રિપોર્ટમાં દર્શાવવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ UNAIDS નામની સંસ્થાનો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ UNAIDSનું પૂરું નામ યુનાઈટેડ નેશન્સ પ્રોગ્રામ ઓન HIV/AIDS છે.

⇛ કોરોના વાયરસના કારણે વિશ્વમાં HIVની સારવારમાં અડચણો તથા મુશ્કેલીઓ આવી રહી છે અને પરિણામે વિવિધ દેશો HIVની સારવાર માટેનું વર્ષ 2020નું લક્ષ્ય ચૂકી શકે તેમ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષ 2019ની પરિસ્થિતિ મુજબ વિશ્વમાં 3.8 કરોડ લોકો HIV સાથે જીવી રહયા છે અને વર્ષ 2019માં નવા 17 લાખ લોકોને HIV થયો છે.

⇛ ભારતમાં આશરે 21.4 લાખ લોકો 2017ના અંત સમયે HIVથી પિડિત હતા અને આસામ, મિઝોરમ, મેઘાલય અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં HIVનો ફેલાવો વધી રહયો છે. (આથી, વિધન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ગ્લોબલ રિઅલ એસ્ટેટ ટ્રાન્સપરન્સી ઈન્ડેક્ષ (GRETI) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ સચૂકાંકે JLL નામની સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવે છે.

(2) આ સૂચકાંક રિઅલ એસ્ટેટ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં પારદર્શકતાનો એક નવો બેન્ચમાર્ક સ્થાપેલો છે.

(3) આ સૂચકાંકમાં ભારતનો ક્રમ 34મો આવ્યો છે.

(4) આ સૂચકાંકમાં સિંગાપોર પ્રથમ ક્રમે આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3)    (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)    (D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ દર બે વર્ષે **GRETI** સૂચકાંક અમેરિકા સ્થિત **JLL** કંપની દ્વારા જાહેર કરવામાં આવે છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ **JLL**નું પૂરુંનામ **Jones Lang LaSalle Incorporated** છે.

⇛ આ સૂચકાંકે વૈશ્વિક રિઅલ એસ્ટેટ ક્ષેત્રે પારદર્શકતાની દષ્ટિએ એક બેજોડ બેન્ચમાર્ક સ્થાપેલો છે. આ સૂચકાંક આંતરરાષ્ટ્રીય કંપનીઓને રોકાણ કરવા માટે તથા અન્ય પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન પૂરું પાડે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ વર્ષના સૂચકાંકમાં ભારતનો ક્રમ **34**મો રહયો છે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ અન્ય દેશના ક્રમાંકો :

- યુનાઈટેડ કિંગ્ડમ : પ્રથમ
- યુ.એસ.એ. : બીજું
- ઓસ્ટ્રેલિયા : ત્રીજું
- ચીન : **32**મું
- શ્રીલંકા : **65**મું
- પાકિસ્તાન : **73**મું

(આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) "Seizing the Moment" નામના રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ HIV/AIDSની પરિસ્થિતિ દર્શાવે છે.
(2) આ રિપોર્ટ WHO દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.
(3) રિપોર્ટ મુજબ, કોરોના વાયરસના કારણે વિવિધ દેશો HIVની સારવાર માટેના વર્ષ 2020 લક્ષ્યને પૂરું કરી શકે તેમ નથી.
(4) ભારતમાં આસામ અને મેઘાલયમાં HIVના ચેપમાં વધારો થઈ રહયો છે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ COVID-19 તથા HIV/AIDSની પરિસ્થિતિ 'Seizing the Moment' નામના રિપોર્ટમાં દર્શાવવામાં આવી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ રિપોર્ટ UNAIDS નામની સંસ્થાનો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ UNAIDSનું પૂરું નામ યુનાઈટેડ નેશન્સ પ્રોગ્રામ ઓન HIV/AIDS છે.

⇛ કોરોના વાયરસના કારણે વિશ્વમાં HIVની સારવારમાં અડચણો તથા મુશ્કેલીઓ આવી રહી છે અને પરિણામે વિવિધ દેશો HIVની સારવાર માટેનું વર્ષ 2020નું લક્ષ્ય ચૂકી શકે તેમ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વર્ષ 2019ની પરિસ્થિતિ મુજબ વિશ્વમાં 3.8 કરોડ લોકો HIV સાથે જીવી રહયા છે અને વર્ષ 2019માં નવા 17 લાખ લોકોને HIV થયો છે.

⇛ ભારતમાં આશરે 21.4 લાખ લોકો 2017ના અંત સમયે HIVથી પિડિત હતા અને આસામ, મિઝોરમ, મેઘાલય અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં HIVનો ફેલાવો વધી રહયો છે. (આથી, વિધન (4) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) વર્લ્ડ બેંક ગૃપમાં નીચેનામાંથી કઈ-કઈ સંસ્થાઓનો સમાવેશ થાય છે ?**

(1) ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ

(2) ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસીએશન

(3) ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન

(4) મલ્ટી લેટરલ ગેરેંટી એજન્સી

(5) ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ધ સેટલમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ ડિસ્પ્યુટ્સ

(A) માત્ર (1), (3) અને (5)
(B) માત્ર (2) અને (5)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- D**

**સમજૂતી :**

⇒ વર્લ્ડ બેંક ગૃપમાં મુખ્ય 5 વિકાસ સંસ્થાઓ છે, જે નીચે આપવામાં આવેલી છે.

- ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સ્ટ્રક્શન એન્ડ ડેવલપમેન્ટ **(IBRD)** : આ સંસ્થા લોન, ક્રેડિટ તથા ગ્રાન્ટ આપવાનું કાર્ય કેર છે.
- ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એસોસીએશન **(IDA)** : નીચી આવક ધરાવતાં દેશોને નીચા અથવા શૂન્ય વ્યાજ દરે લોન આપે છે.
- ધ ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન **(IFC)** : કંપની તથા સરકારોને રોકાણ, સલાહ–સૂચન તથા એસેટ મેનેજમેન્ટની સેવા આપે છે.
- ધ મલ્ટીલેટરલ ગેરેંટી એજન્સી **(MIGA)** : રાજકીય જોખમો (જેવાં કે યુદ્ધ) સમક્ષ રોકાણકારો તથા ઉધાર આપનારને વીમો પ્રદાન કરે છે.
- ધ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર ધ સેટલમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ ડિસ્પ્યુટ્સ **(ICSID)** : રોકાણકાર તથા દેશ વચ્ચેના રોકાણને લગતાં મતભેદોને સેટલ કરે છે. ભારત આ સંસ્થાનું સભ્ય નથી.

(આથી, આપેલ દરેક વિધાનો સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) NATMO વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનું પૂરુંનામ National Atlas and Thematic Mapping Organisation છે.

(2) તેનું વડુંમથક પૂણેમાં આવેલું છે.

(3) તે હંમેશા પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ (PMO)ના નિયંત્રણ હેઠળ રહે છે.

(4) તે ભારતના રાષ્ટ્રીય એટલાસના સંપાદનનું કાર્ય કરે છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4) (D) માત્ર (1) અને (4)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ NATMOનું પૂરુંનામ National Atlas and Thematic Mapping Organisation છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ તેની સ્થાપના 1956માં નેશનલ એટલાસ ઓર્ગેનાઈઝેશન તરીકે કરવામાં આવી હતી. 1978માં તેનું નામ બદલીને NATMO કરવામાં આવ્યું હતું.

⇒ તે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળની સંસ્થા છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ તેનું વડુંમથક કોલકાતામાં આવેલું છે. (આથી વિધાન (2) ખોટું છે.)

⇒ તેના કાર્યો :

- ભારતના રાષ્ટ્રીય એટલાસનું સંપાદન
- સ્થાનિક ભાષાઓમાં રાષ્ટ્રીય એટલાસ બનાવવા
- વિવિધ સંશોધન અભ્યાસ મુજબ થીમેટીક મેપ બનાવવા (દા.ત. પર્યાવરણના અભ્યાસને લગતાં મુદ્દાઓ તથા તેની સામાજિક અને આર્થિક અસર)

(આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT